IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભરૂચ જિલ્લાના ધો-12ના વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ

**Dr. Vandana Sharma**

## ✦ સારાંશ

મનોવિજ્ઞાનમાં વ્યક્તિત્વ શબ્દ પ્રથમ દ્રષ્ટિએ શારીરિક દેખાવ સાથે સંકળાયેલો છે. આ પ્રમાણેની ખોટી ભ્રમણા આપણે સાંભળી છે. પરંતુ વ્યક્તિત્વમાં વ્યક્તિનો સ્વભાવ, ચારિત્ર્ય, બુદ્ધિ, વલણો, રુચિઓ, આકાંક્ષાઓ વગેરે સમાયેલા છે. આ બધા પરિબળો અથવા ગુણોથી વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર થાય છે. આથી વ્યક્તિના જીવનમાં વ્યક્તિત્વનું ઘણું મહત્વ હોવાથી પ્રસ્તુત અભ્યાસ ભરૂચ જિલ્લાના ધો-12 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના અંતર્મુખી અને બર્હિમુખી વ્યક્તિત્વના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં કુલ 120 વિદ્યાર્થીઓની પસંદગી કરીને નમૂનાના પાત્રોમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સર્વે પધ્ધતિનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં ડૉ. અશ્વિન જનસારી રચિત અંતર્મુખી-બર્હિમુખી વ્યક્તિત્વ સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનિકામાં કુલ 50 વિધાનો હતા. આ 50 વિધાનોની સામે જે વિધાન વિદ્યાર્થીઓને પોતાના માટે લાગુ પડતું હોય તેની સામે “હા” અને જે વિધાન લાગુ પડતું ના હોય તેની સામે “ના” લખવાનું હતું. જે વિધાનની સામે “હા” લખ્યું હોય તે વિધાનને 1 ગુણ આપવાનો હતો. આ રીતે વ્યક્તિત્વ સંશોધનિકા પરથી માહિતી મેળવવામાં આવી હતી. અહીં સ્વતંત્ર પરિવર્ત્ય તરીકે જાતિયતા, શાળાનો પ્રકાર તેમજ માતા-પિતાનો અભ્યાસ હતા. જ્યારે આધારિત પરિવર્ત્ય તરીકે વ્યક્તિત્વનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અહીં કુલ 120 વિદ્યાર્થીઓની પસંદગી યાદૃચ્છિક નમૂના પસંદગી દ્વારા તેમજ ચિઠ્ઠી બનાવીને કરવામાં આવી હતી. જેમાં 65 છોકરાઓ પસંદ થયા હતા. તેમજ 55 છોકરીઓની નમુનામાં પસંદગી થઈ હતી. જ્યારે ખાનગી શાળામાં 57 વિદ્યાર્થીઓ તેમજ સરકારી શાળામાં 63 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. માતા-પિતાના અભ્યાસના સંદર્ભમાં હાયર સેકન્ડરી અભ્યાસ પ્રાપ્ત કરેલ હોય તેવા 69 તેમજ સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલ હોય તેવા માતા-પિતાના 51 બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અહીં ભરૂચ જિલ્લાની કુલ 4 શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં 2 શાળા ખાનગી અને 2 સરકારી શાળાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રીતે માહિતી પ્રાપ્ત કર્યા બાદ પ્રાપ્ત માહિતીનું આંકડાશાસ્ત્રની પદ્ધતિનો ઉપયોગ કરીને મધ્યક, મધ્યસ્થ અને t-test વગેરે આંકડાશાસ્ત્રની પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રયુક્તિનો ઉપયોગ કરીને પ્રાપ્ત માહિતીનું અર્થઘટન તેમજ પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં જાણવા મળે છે કે અંતર્મુખી-બર્હિમુખી વ્યક્તિત્વ તુલા પર જાતિયતા અને માતા-પિતાના અભ્યાસની અસર જોવા મળી હતી. જ્યારે શાળાના પ્રકારની અસર જોવા મળી ના હતી. આથી કહી શકાય છે કે છોકરાઓ અને છોકરીઓ તેમજ સ્નાતક કક્ષા

અને હાયર સેકન્ડરીનો અભ્યાસ પ્રાપ્ત માતા-પિતાના બાળકોમાં વ્યક્તિત્વમાં ભિન્નતા જોવા મળી હતી. જ્યારે શાળાના પ્રકારમાં વ્યક્તિત્વની ભિન્નતા જોવા મળી ના હતી.

**ચાવીરૂપ શબ્દો:** વ્યક્તિત્વ

## ✦ પ્રસ્તાવના

"વ્યક્તિત્વ એ વ્યક્તિની મનોશારીરિક રચનાઓનું ક્રિયાશીલ સંગઠન છે, જે વાતાવરણ સાથેનું તેનું અનુકૂલન નક્કી કરે છે."

- ઓલપોર્ટ

મનોવિજ્ઞાનમાં વ્યક્તિત્વના સિધ્ધાંતમાં કાર્લ યુંગ, કેશ્મર, સેલ્ડન, વગેરે જેવા મનોવૈજ્ઞાનિકોએ વ્યક્તિત્વના પ્રકારોની રચના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ભારતમાં આયુર્વેદ તેમજ ભગવદગીતામાં રજસ્, તમસ, સત્વ ગુણની વાત કરવામાં આવી છે. વિશ્વમાં સૌથી વધારે વ્યક્તિનું વ્યક્તિત્વ જ આકર્ષિત હોય છે. જેથી વ્યક્તિ બીજી વ્યક્તિ પર પ્રભાવ પાડી શકે તેમજ પોતાનું અસરકારક વ્યક્તિત્વ દર્શાવી શકે. આથી વ્યક્તિએ હંમેશા પોતાના વ્યક્તિત્વનો હકારાત્મક દિશામાં વિકાસ થાય એ દિશામાં ભાર મૂકવો જોઈએ.

## ✦ સંદર્ભ સાહિત્ય

સંશોધનકર્તા જ્યારે કોઈપણ સમસ્યાની પસંદગી કરી છે ત્યારે સૌ પ્રથમ જે તે સમસ્યાની પસંદગી થઈ હોય તે સમસ્યાના પૂર્વે થયેલ સંદર્ભ સાહિત્યનું ગહન રીતે અભ્યાસ કરવો જોઈએ કે જેથી પોતે કરી રહેલ સમસ્યામાં કયા કયા ફેરફારો, કઈ પધ્ધતિ તેમજ કઈ રીતે અભ્યાસને આગળ ધપાવવાનો છે વગેરે જેવી બાબતની માહિતી અગાઉથી મળી જતા સંશોધનકર્તા માટે જે તે અભ્યાસ થોડા ઘણા અંશે સરળ બની જાય. આ જ રીતે અહીં પણ પૂર્વે થયેલા સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવામાં આવ્યો.

પૂર્વે થયેલા સંશોધનો આ મુજબ છે.

1. A Study of Big Five Personality Traits and Depression among adults with nomophobic symptoms. (2018) – પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ નોમોફોબિયાંના લક્ષણો ધરાવતાં પુખ્તોમાં બિગ-ફાઈવ વ્યક્તિત્વના લક્ષણો અને ખિન્નતાનો અભ્યાસ કરવાનો હતો.
2. A Study of Family Adjustment, Emotional Maturity and Personality among social sites used and non-users (2018) – પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ સોશિયલ મીડિયાની વ્યક્તિના કુટુંબનું સમાયોજન, આવેગ પરિપક્વતા તેમજ વ્યક્તિત્વનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.
3. Effect of Blood group on Self-Esteem Social Perception and Personality of Adolescents (2020) – પ્રસ્તુત અભ્યાસનો હેતુ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક વકતન, સામાજિક બુદ્દિધ અને શૈક્ષણિક સિદ્દિધ પ્રેરણાની ચકાસણી કરવાનો હતો.

## ✦ હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

1. ધોરણ-12ના વિદ્યાર્થીઓના અંતર્મુખી-બર્હિમુખી વ્યક્તિત્વના સંદર્ભમાં અભ્યાસ કરવો.
2. જાતિયતા ચલના સંદર્ભમાં વ્યક્તિત્વનો અભ્યાસ કરવો.

3. શાળાના પ્રકારના ચલના સંદર્ભમાં વ્યક્તિત્વનો અભ્યાસ કરવો.

4. વિદ્યાર્થીઓનાં માતા-પિતાના અભ્યાસના સંદર્ભમાં વ્યક્તિત્વનો અભ્યાસ કરવો.

## ✦ પરિવર્ત્યો

પ્રસ્તુત અભ્યાસનાં પરિવર્ત્યો નીચે મુજબ છે.

| સ્વતંત્ર પરિવર્ત્ય | આધારિત પરિવર્ત્ય |
|---|---|
| જાતિયતા<br>શાળાનો પ્રકાર<br>માતા-પિતાનો અભ્યાસ | વ્યક્તિત્વ |

## ✦ ઉત્કલ્પના

પ્રસ્તુત અભ્યાસની શૂન્ય ઉત્કલ્પના નીચે મુજબ છે.

$Ho_1$ જાતિયતાના સંદર્ભમાં છોકરાઓ અને છોકરીઓએ વ્યક્તિત્વ સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ શાળાના પ્રકારનાં સંદર્ભમાં સરકારી શાળાના અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ માત-પિતાના અભ્યાસના સંદર્ભમાં હાયર સેકન્ડરીનો અભ્યાસ કરેલ માતા-પિતા અને સ્નાતકનો અભ્યાસ કરેલ માતા-પિતાના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ✦ સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્ર પધ્ધતિનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરવામાં આવી હતી.

## ✦ વ્યક્તિત્વ સંશોધનિકાનો ઉપયોગ કરવાની માહિતી

પ્રસ્તુત અભ્યાસમાં ડૉ. અશ્વિન જનસારી રચિત અંતર્મુખી-બર્હિમુખી વ્યક્તિત્વ સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનિકામાં કુલ 50 વિધાનો છે. આ 50 વિધાનોની સામે જે વિધાન વિદ્યાર્થીઓને પોતાના માટે લાગુ પડતું હોય તેની સામે “હા” અને જે વિધાન ન લાગુ પડતું હોય તેની સામે “ના” લખવાનું હતું જે વિધાનની સામે “હા” લખ્યું હોય તે વિધાનને 1 ગુણ આપવાનો હતો. આ રીતે વ્યક્તિત્વ સંશોધનિકા પરથી માહિતી મેળવવામાં આવી હતી.

## ✦ પરિણામ

કોઈપણ કાર્ય કરવામાં આવે છે અથવા સંશોધન હાથ ધરવામાં આવે છે ત્યારે તે કાર્ય કે સંશોધન પર તેના પરિણામ પર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર પરિવર્ત્યની આધારિત પરિવર્ત્ય પર અસર થઈ છે કે નહિ તેની

ચકાસણી માટે કેટલીક આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેના પરથી પરિણામ તેમજ તારણો તારવવામાં આવ્યા હતા. જે નીચે પ્રમાણે છે.

$Ho_1$ જાતિયતાના સંદર્ભમાં છોકરાઓ અને છોકરીઓએ વ્યક્તિત્વ સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**વ્યક્તિત્વ પર જાતિયતાની અસર દર્શાવતી સારણી 1.1**

| જાતિયતા | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | SED | t-મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| છોકરાઓ | 65 | 15.26 | 5.13 | 0.84 | 2.38 | 0.05 કક્ષાએ સાર્થક છે. |
| છોકરીઓ | 55 | 13.25 | 4.12 | | | |

**અર્થઘટન:**

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિત્વ સંશોધનિકા પર છોકરાઓ અને છોકરીઓએ મેળવેલા પ્રાપ્તાંકોનું સરાસરી તફાવતનું t-મૂલ્ય 2.38 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતા વધુ છે. આથી શૂન્ય ઉત્કલ્પના 0.05 કક્ષાએ સાર્થક છે. અહીં શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી.

$Ho_2$ શાળાના પ્રકારનાં સંદર્ભમાં સરકારી શાળાના અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**વ્યક્તિત્વ પર શાળાના પ્રકારની અસર દર્શાવતી સારણી 1.2**

| શાળાનો પ્રકાર | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | SED | t-મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| સરકારી | 63 | 17.26 | 10.15 | 1.96 | 1.17 | 0.05 કક્ષાએ સાર્થક નથી |
| ખાનગી | 57 | 19.56 | 11.20 | | | |

**અર્થઘટન:**

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિત્વ સંશોધનિકા પર સરકારી અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોનું સરાસરી તફાવતનું t-મૂલ્ય 1.17 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતા ઓછું છે. આથી શૂન્ય ઉત્કલ્પનાનો 0.05 કક્ષાએ સાર્થક નથી જે કંઈ તફાવત છે તે આકસ્મિક છે. અહીં શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

$Ho_3$ માતા-પિતાના અભ્યાસના સંદર્ભમાં હાયર સેકન્ડરીનો અભ્યાસ કરેલ માતા-પિતા અને સ્નાતકનો અભ્યાસ કરેલ માતા-પિતાના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**માતા-પિતાના અભ્યાસની અસર દર્શાવતી સારણી 1.3**

| માતા-પિતાનો અભ્યાસ | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | SED | t-મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| હાયર સેકન્ડરી | 69 | 13.25 | 5.36 | 0.91 | 2.32 | 0.05 કક્ષાએ સાર્થક છે. |
| સ્નાતક | 51 | 15.36 | 4.58 | | | |

**અર્થઘટન:**

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિત્વ સંશોધનિકા પર માતા-પિતાના અભ્યાસમાં હાયર સેકન્ડરીનો અભ્યાસ પ્રાપ્ત કરેલ અને સ્નાતક કક્ષાનો ભ્યાસ પ્રાપ્ત કરેલ માતા-પિતાના વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોનું સરાસરી તફાવતનું t-મૂલ્ય 2.32 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતા વધુ છે. આથી આ શૂન્ય ઉત્કલ્પના 0.05 કક્ષાએ સાર્થક છે. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી.

## ✦ તારણો

પ્રસ્તુત અભ્યાસમાં પરિણામનું અર્થઘટન અને પૃથક્કરમ કર્યા બાદ તારણો તારવવામાં આવે છે જે નીચે મુજબ છે.

1. વ્યક્તિત્વ સંશોધનિકા પર જાતિયતાની અસર જોવા મળી હતી. અહીં પ્રાપ્ત મધ્યક પરથી સ્પષ્ટ થાય છે કે છોકરાઓ છોકરીઓ કરતાં ઊંચું વ્યક્તિત્વ ધરાવે છે.
2. વ્યક્તિત્વ સંશોધનિકા પર શાળાના પ્રકારની અસર જોવા મળી ન હતી. આથી કહી શકાય છે કે સરકારી ને ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સમાન વ્યક્તિત્વ ધરાવતા હતા.
3. વ્યક્તિત્વ સંશોધનિકા પર માતા-પિતાના અભ્યાસની અસર જોવા મળી હતી. અહીં પ્રાપ્ત મધ્યક પરથી સ્પષ્ટ થાય છે કે સ્નાતકનો અભ્યાસ પ્રાપ્ત માતા-પિતાના બાળકો ઊંચું વ્યક્તિત્વ ધરાવતા હતા.

# સંદર્ભસૂચિ


- ઉચાટ, ડી.એ. (2015) **"શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર"** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- દેસાઈ, વાય કે. (2012) **"વ્યક્તિગત ભિન્નતા"**
- દોંગા, એન. (2012) **"શિક્ષણનું મનોવિજ્ઞાન"**
- દવે, સી.બી. (2013) **"મનોવિજ્ઞાન પ્રયોગો અને આંકડાશાસ્ત્ર"**
- સ્વામી વિવેકાનંદ (2013) **"વ્યક્તિત્વ વિકાસ"**
- Keat, Nitin (2018) **"A Study of Big Five Personality Traits and Depression among Adults with Nomophobic Symptoms,"**
- Kothivala, Krishna (2018) **"A Study of Family Adjustment Emotional Maturity and Personality among Social Sites used and Non-users,"**
- Pithva, Kamlesh (2020) **"Effect of Blood Group on Self Esteem Social Perception and Personality of Adolescents."**